eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 251**
**December 17, 2010**

## માહે નવેમ્બર ૨૦૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે નવેમ્બર ૨૦૧૦ દરમ્યાન ૪૦૨૧ ઈન્ડોર તથા ૩૬૫૩૪ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૦૫૩ તથા ૪૫૧ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૬૧૪ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા ...

**વધુ માટે કલીક કરો >>>>>>**



## ગુણોત્સવ–૨૦૧૦નો કાર્યક્રમ

ગુણોત્સવ–૨૦૧૦ નાં કાર્યક્રમ હેઠળ શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સરકારે લીધેલ તમામ પગલાંઓ અને સુવિધાઓનો પુરતો ઉપયોગ થાય છે કે કેમ ? તેની કેટલી અસર થઈ છે ? અને તેમાં કયાં કેવી કચાશ રહી ગઈ છે ? તેની જાણકારી મેળવવાના હેતુસર રાજય સરકારશ્રીની સુચના મુજબ સુરત શહેરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત વિવિધ શાળાઓમાં જુદા જુદા અધિકારીઓને "શિક્ષણની ગુણવત્તા બાબતે શિક્ષકો અને લોકોમાં જાગૃતતા લાવવા ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત શહેરમાં રાષ્ટ્રીય હાથીપગાની ઉજવણીમાં રૂબરૂમાં લોકોને ગળાવવામાં આવેલ DEC અને આલ્બેન્ડેઝોલ ગોળીઓનું ફિલ્ડ ઈન્વેસ્ટીગેશનમાં ૩૩.૩૬ % સફળતા

ભારત સરકાર ધ્વારા ૨૦૧૫ માં હાથીપગાને દેશમાંથી નિકાલ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ગુજરાત સરકારના આદેશાનુસાર તમામ સુરત શહેરને તા.૧૧ ડિસેમ્બરથી ૧૬ ડિસેમ્બર સુધી ફાઈલેરીયાની દવા રૂબરૂ ગળાવવાનું આયોજન કરવામાં આવેલ હતું ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## ટીબી માટે વિશ્વની શ્રેષ્ઠ એવી 'ડોટસ' સેવાઓનો સુરત મહાનગરપાલિકામાં વધેલો વ્યાપ

ક્ષય નિયંત્રણ અર્થે વિશ્વ આરોગ્ય સંસ્થા પ્રમાણિત 'ડોટસ' અંતર્ગત નિદાન તથા સારવાર સેવાઓનો લાભ વધુને વધુ દર્દીઓ સુધી પહોંચી રહયો છે. સુરત મહાનગરપાલિકાનાં તમામ હેલ્થ સેન્ટરો તથા સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે 'ડોટસ' અંતર્ગત ટીબીનાં નિદાન તથા સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ છે. સમગ્ર વિશ્વમાં ટીબી નિયંત્રણ ક્ષેત્રે કુલ ૧૮૩ દેશો 'ડોટસ' હેઠળ સારવાર પધ્ધતિ અપનાવી રહયા છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## ગ્લોબલ વોર્મીંગ અંતર્ગત CLIMATE CHANGE ની અસરને પહોંચી વળવા માટે સુરત શહેર ધ્વારા કરવામાં આવેલું આગોતરૂ આયોજન

પૃથ્વી ઉપર ગ્લોબલ વોર્મીંગના કારણે વધતા જતા CLIMATE CHANGE ની અસરને પહોંચી વળવા માટે લેવાજોગ પગલા બાબતે તથા આવનાર પડકાર અન્વયે આગોતરૂ આયોજન દરેક શહેર પોત પોતાની રીતે તૈયારી કરતું હોય છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## માહે નવેમ્બર ૨૦૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે નવેમ્બર ૨૦૧૦ દરમ્યાન ૪૦૨૧ ઈન્ડોર તથા ૩૬૫૩૪ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૦૫૩ તથા ૪૫૧ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૬૧૪ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૭૪૯ અને જુના ૬૭૦ દર્દીઓ સહીત કુલ ૧૪૧૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૫૦૬ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૦૦૧ તથા આંખ વિભાગમાં ૨૨૮૦ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ ૧૩૬૭૧ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## ગુણોત્સવ–૨૦૧૦નો કાર્યક્રમ





ગુણોત્સવ–૨૦૧૦ નાં કાર્યક્રમ હેઠળ શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સરકારે લીધેલ તમામ પગલાંઓ અને સુવિધાઓનો પુરતો ઉપયોગ થાય છે કે કેમ ? તેની કેટલી અસર થઈ છે ? અને તેમાં કયાં કેવી કચાશ રહી ગઈ છે ? તેની જાણકારી મેળવવાના હેતુસર રાજય સરકારશ્રીની સુચના મુજબ સુરત શહેરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત વિવિધ શાળાઓમાં જુદા જુદા અધિકારીઓને ''શિક્ષણની ગુણવત્તા બાબતે શિક્ષકો અને લોકોમાં જાગૃતતા લાવવા, શાળાઓનું મુલ્યાંકન કરવા, શાળાનાં બાળકોની લેખન, વાંચન અને ગાણિત્યિક આવડતનું મુલ્યાંકન કરવા, વર્ગખંડના શૈક્ષણિક કાર્યને ગુણવત્તાસભર બનાવવા, શાળાની શૈક્ષણિક સંલગ્ન પ્રવૃત્તિઓ અને માળખાકીય સુવિધાઓના ઉપયોગનું મુલ્યાંકન કરવા, ઉપર્યુકત થકી શાળા–મુલ્યાંકન તંત્ર માટે પૃષ્ટ ભુમિકા તૈયાર કરી ચકાસવા અને પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તામાં સુધારા બાબતે મુલ્યાંકન કરવાની કામગીરી તા.૯/૧૨/૨૦૧૦ થી તા.૧૧/૧૨/૨૦૧૦ સુધી સોંપવામાં આવેલ. આ કાર્યક્રમ અંતર્ગત મા.મેયરશ્રી અને ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા ધ્વારા તા.૧૦/૧૨/૨૦૧૦ નાં રોજ બેગમપુરા, વીરમગામી મહોલ્લા ખાતે આવેલ શ્રી જયોતિન્દ્ર દવે પ્રાથમિક શાળા નંબરઃ ૬૫ તથા તા.૧૧/૧૨/૨૦૧૦નાં રોજ બેગમપુરા, મોતી ટોકીઝની સામે આવેલ શેઠ શ્રી પ્રાણસુખલાલ મફતલાલ ન.પ્રા.શાળા ક્રમાંક : ૬૦ ની મુલાકાત લઈ પ્રાર્થના સંમેલન, મધ્યાહન ભોજન યોજના, મુલ્યાંકન કામગીરીનું નિરીક્ષણ તથા ભૌતિક સુવિધાઓનું નિરીક્ષણ કરવામાં આવેલ. તેઓ તરફથી શિક્ષકોને ગુણવત્તાસભર શૈક્ષણિક કાર્ય બનાવવા, બાળકોનાં વાંચન/લેખન પ્રત્યે ખાસ ધ્યાન આપવા અને બાળકોમાં વાંચન/લેખન કાર્ય પ્રત્યે રૂચિ ઉત્પન્ન થાય અને તેમાં ઉત્તરોત્તર વધારો થાય તે માટેના સુચનો કર્યા હતા.

TOP

## સુરત શહેરમાં રાષ્ટ્રીય હાથીપગાની ઉજવણીમાં રૂબરૂમાં લોકોને ગળાવવામાં આવેલ DEC અને આલ્બેન્ડેઝોલ ગોળીઓનું ફિલ્ડ ઈન્વેસ્ટીગેશનમાં ૩૩.૩૬ % સફળતા

ભારત સરકાર ધ્વારા ૨૦૧૫ માં હાથીપગાને દેશમાંથી નિકાલ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ગુજરાત સરકારના આદેશાનુસાર તમામ સુરત શહેરને તા.૧૧ ડિસેમ્બરથી ૧૬ ડિસેમ્બર સુધી ફાઈલેરીયાની દવા રૂબરૂ ગળાવવાનું આયોજન કરવામાં આવેલ હતું. જેના ભાગરૂપે તા.૧૧ ડિસેમ્બર અને તા.૧૨ ડિસેમ્બરના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાંથી ૧૭૦૦ જેટલી ટીમો રૂબરૂ દવા ગળાવવા માટે કાર્યરત કરવામાં આવેલ હતી. જેમાં બે દિવસમાં શહેરનાં ૩૩.૩૬ % લોકોએ રૂબરૂમાં ગોળી ગળેલ છે. દરેક ઝોનમાં આ પ્રમાણે લોકોએ રૂબરૂ ગોળીઓ ગળેલ છે. સેન્ટ્રલ ઝોન–૧,૨૬,૦૭૯, વેસ્ટ ઝોન–૧,૩૬,૦૩૩, સાઉથ ઝોન–૨,૯૪,૩૬૫, સાઉથ–ઈસ્ટ ઝોન–૨,૧૩,૮૩૬, સાઉથ વેસ્ટ ઝોન–૧,૨૭,૨૯૧, નોર્થ ઝોન–૧,૯૮,૬૩૭ અને ઈસ્ટ ઝોન–૩,૪૦,૬૯૧ લોકોએ રૂબરૂમાં હાથીપગાની દવા લીધેલ છે. આમ સુરત શહેરની ૧૪,૯૩,૪૯૯ વસ્તી આવરી લેવામાં આવેલ હતી. જેમાંથી ૧૪,૩૬,૯૩૨ લોકોને કુલ ૩૯,૪૧,૫૨૭ ડી.ઈ.સી. અને ૧૪,૯૩,૪૯૯ આલ્બેન્ડેઝોલ ફાઈલેરીયાની ગોળીઓ ગળાવવામાં આવી હતી.

તમામ કાર્યક્રમનું આયોજન મ્યુનિ. કમિશ્નરશ્રી અપર્ણા મેડમ, આરોગ્ય અધિકારીશ્રી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) ડો.હેમંતભાઈ દેસાઈ અને ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો.કે.જી.વૈષ્ણવના ટેકનીકલ માર્ગદર્શન હેઠળ મોનીટરીંગ અને ઈમ્પલીમેન્ટેશન કરવામાં આવી રહયું છે. શહેરની તમામ પ્રજાને રૂબરૂમાં દવા ગળીને હાથીપગાને સુરત શહેરમાંથી નાબૂદ કરવા માટે લોકો તરફથી સ્વયંભૂ સાથ–સહકાર મળેલ હતો.

TOP

## ટીબી માટે વિશ્વની શ્રેષ્ઠ એવી 'ડોટસ' સેવાઓનો સુરત મહાનગરપાલિકામાં વધેલો વ્યાપ

ક્ષય નિયંત્રણ અર્થે વિશ્વ આરોગ્ય સંસ્થા પ્રમાણિત 'ડોટસ' અંતર્ગત નિદાન તથા સારવાર સેવાઓનો લાભ વધુને વધુ દર્દીઓ સુધી પહોંચી રહયો છે. સુરત મહાનગરપાલિકાનાં તમામ હેલ્થ સેન્ટરો તથા સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે 'ડોટસ' અંતર્ગત ટીબીનાં નિદાન તથા સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ છે. સમગ્ર વિશ્વમાં ટીબી નિયંત્રણ ક્ષેત્રે કુલ ૧૮૩ દેશો 'ડોટસ' હેઠળ સારવાર પધ્ધતિ અપનાવી રહયા છે. સુરત મહાનગરપાલિકા પણ તેમાં બાકાત નથી તથા ક્ષય (ટીબી) ની આ એક સચોટ–અકસીર પધ્ધતિ હોવાથી તેનો વ્યાપ ઝડપથી તમામ દર્દીઓ લઈ રહયા છે.

સને ર૦૦૯ માં સુરત મહાનગરપાલિકા વિસ્તાર અંદાજિત ૭૦૦૦ ટીબીનાં કેસોમાંથી ૫૭૬૧ કેસોને 'ડોટસ' હેઠળ આવરી લેવામાં સફળતા મળી છે. કોઈ પણ પ્રકારનાં ટીબીનાં દર્દીઓ, બાળકો–સ્ત્રીઓ–પુરુષો તમામ આ સારવાર હવે લેતા થયા છે, જે ડોટસની સફળતાની નિશાની છે.

સુરત શહેરનાં ૧૧૦૫ પ્રાઈવેટ પ્રેકટીશનરો પણ આ ટીબીની ડોટસ સારવાર તેમનાં દર્દીઓને ભલામણ કરે છે તથા આમાનાં ઘણા તબીબો ખુદ તેમનાં દર્દીઓને ડોટસ આપે છે.

નોન–ડોટસ પ્રકારની ટીબીની સારવારમાં હંમેશા દર્દી લાંબી સારવારથી કંટાળી જતો હોઈ સફળતા દર ૬૦% થી પણ નીચો રહે છે. જયારે 'ડોટસ' હેઠળ સફળતા દર હંમેશા ૮૫ % થી વધુ રહે છે. સુરત મહાનગરપાલિકાનો સફળતા દર ૮૭% જેટલો જણાયેલ છે.

બે અઠવાડીયાથી વધુ સમયની ખાંસી ટીબી હોઈ શકે છે તથા તેમનાં ગળફાની વિનામૂલ્યે તપાસ તાકીદે કરાવી લેવા નજીકનાં હેલ્થ સેન્ટર જવું જોઈએ અને ટીબી જણાય તો ફકત ડોટસ સારવાર લેવાનો જ આગ્રહ રાખવો જોઈએ.

તમામ પ્રબુધ્ધ નાગરીકો, સામાજિક સંગઠનો તથા ખાનગી તબીબોને આ પ્રસંગે અપીલ કરવામાં આવે છે કે જો ટીબી હોય તો માત્ર અને માત્ર 'ડોટસ' સારવાર જ લેવામાં આવે તો અને તો જ આપણે ભારતભરમાં દર વર્ષે ૪ લાખ લોકોની જાન બચાવી શકીશું.

TOP

## ગ્લોબલ વોર્મીગ અંતર્ગત CLIMATE CHANGE ની અસરને પહોંચી વળવા માટે સુરત શહેર ધ્વારા કરવામાં આવેલું આગોતરૂ આયોજન

પૃથ્વી ઉપર ગ્લોબલ વોર્મીગના કારણે વધતા જતા CLIMATE CHANGE ની અસરને પહોંચી વળવા માટે લેવાજોગ પગલા બાબતે તથા આવનાર પડકાર અન્વયે આગોતરૂ આયોજન દરેક શહેર પોત પોતાની રીતે તૈયારી કરતું હોય છે. જે શહેરમાં CLIMATE CHANGE ની વધારે પ્રમાણમાં અસર થવાની શકયતા છે તે શહેરોએ આવી અસરના પડકારને પ્રતિસાદ આપવા માટે કયા સાધનોનો ઉપયોગમાં લેવાયેલા છે અથવા કયા સાધનો ઉપયોગમાં લેવાનું આયોજન કરેલ છે તે અંગેની માહિતી ભેગી કરીને પરસ્પર સલાહ સૂચનો કરવા માટે રોક ફેલર ફાઉન્ડેશન, ન્યૂયોર્ક ધ્વારા વર્ષ ૨૦૦૮–૦૯ દરમ્યાન એક નવી પહેલ કરવામાં આવેલ છે, જે પહેલને ASIAN CITIES CLIMATE CHANGE RESILIENCE NETWORK (ACCCRN) તરીકે ઓળખાય છે. પ્રથમ તબકકે એશિયા ખંડમાં કુલ ૧૦ શહેરો પસંદ કરવામાં આવેલ જે પૈકી ભારતમાં ઈન્દોર, ગોરખપુર અને સુરતની પસંદગી થયેલ. સુરત ખાતે CLIMATE CHANGE ના પડકારને યોગ્ય પ્રતિસાદ આપવા માટે સુરત મહાનગરપાલિકા, ઉદ્યોગ–જગત તથા વિવિધ સંસ્થાઓ વિગેરે ધ્વારા લેવામાં આવતાં પગલા અને ભવિષ્ય માટેનું સંયુકત આયોજન કરવા માટે એક સીટી એડવાઝરી કમિટીની રચના કરવામાં આવી છે. CLIMATE CHANGE માં ઉપરોકત તમામ સંવર્ગોના પ્રતિનિધિનો સમાવેશ કરેલ છે. સુરત શહેરમાં CLIMATE CHANGE ને લગતી હાથ ધરવામાં આવેલ પ્રવૃત્તિની નોંધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ લેવામાં આવેલ છે. આ સંજોગોમાં સુરત શહેરમાં પર્યાવરણને લગતી જનજાગૃતિ લાવવા માટે CLIMATE CHANGE ના અનુસંધાને કરવામાં આવેલ આયોજન બાબતે UNITED KINGDOM ENVIRONMENTAL FUND FOUNDATION (UKEFF) ધ્વારા ડોકયુમેન્ટરી ફિલ્મ બનાવવામાં આવેલ છે. ઉકત ડોકયુમેન્ટરી ફિલ્મ વિશ્વ પર્યાવરણ દિવસ જુન ૦૫, ૨૦૧૦ ના રોજ NATIONAL GEOGRAPHIC CHANNEL ઉપર પ્રદર્શિત કરવામાં આવેલ હતી.

સુરત શહેર ઉપર બનાવવામાં આવેલ ડોકયુમેન્ટરી ફિલ્મ સુરત ખાતે પ્રદર્શિત કરી, તે વિષયે ચર્ચા યોજવા માટે BRITISH COUNCIL ધ્વારા સુચન થયેલ છે. સુરત શહેરમાં પર્યાવરણને લગતી જનજાગૃતિ લાવવા માટે Climate Change ના અનુસંધાને કરવામાં આવેલ આયોજન બાબતે United Kingdom Environmental Fund Foundation (UKEFF) ધ્વારા સુરત શહેર ઉપર બનાવવામાં આવેલ ડોકયુમેન્ટરી ફિલ્મ "Notes from a Green City" - A Film by Madhyam Subhramanian તા.૧૮/૧૨/૨૦૧૦ ના રોજ મા.મેયરશ્રીના અધ્યક્ષ પદે સુરત ખાતે રીલીઝ કરી આ વિષયે પેનલ ડીસ્કશન સાયન્સ સેન્ટર સ્થિત ઓડીટોરીયમ ખાતે સવારે ૧૧.૦૦ કલાકે રાખવામાં આવેલ છે, જેમાં આ વિષયના તજજ્ઞો પૈકી આનંદ વશી, કમલેશ યાજ્ઞીક, ગીરીશ લુથરા, ડો. એન.સી.શાહ વિગેરે પણ ભાગ લેશે.

TOP